# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની જાહેર પરીક્ષા તા.૨૭/૦૨/૨૦૨૫ થી શરૂ થનાર છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના પરીક્ષાર્થીઓને પ્રશ્નપત્રના જવાબો ઉત્તરવહીમાં લખવા માટે ઉત્તરવહીમાં આપવામાં આવેલ પરીક્ષાર્થી માટે અગત્યની સૂચનાઓ અંગે જાણકારી અને માર્ગદર્શન મળી રહે તે માટે આ સાથે ઉત્તરવહીના કવર પેજ 2 ઉપર આપવામાં આવેલ સૂચનાઓ આ સાથે સામેલ છે. જેનો અભ્યાસ દરેક પરીક્ષાર્થી કરી શકે તે માટે જાહેર કરવામાં આવેલ છે.

(ડી.એસ.પટેલ)
સંયુક્ત નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**તારીખ** – ૨૧/૦૨/૨૦૨૫
**સ્થળ** – ગાંધીનગર

# પરીક્ષાર્થી માટે અગત્યની સૂચનાઓ

**પરીક્ષાર્થીએ જવાબ લખવાનું શરૂ કરતાં પહેલાં નીચેની અગત્યની સૂચનાઓ અવશ્ય વાંચી લેવી. આ સૂચનાઓનો ભંગ કરવા બદલ પરીક્ષાર્થી સામે બોર્ડના નિયમો તથા શિક્ષાકોષ્ટક મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.**

1. પરીક્ષાર્થીની ફી રસીદ/પ્રવેશપત્ર પરનો બેઠક નંબર તથા બારકોડ સ્ટિકર પરનો બેઠક નંબર એક જ છે તે ચકાસી તથા બારકોડ સ્ટિકર પરનો વિષયકોડ બરાબર છે તેની ખાતરી કરી મુખપૃષ્ઠ ઉપર બતાવેલ બારકોડ સ્ટિકર ચોંટાડવાના ખાનામાં બારકોડ સ્ટિકર ચોંટાડવું. **બારકોડ સ્ટિકર સાથે કોઈ પણ પ્રકારનાં ચેડાં કરવા નહીં.**
2. પરીક્ષાર્થીએ ફી રસીદ/પ્રવેશપત્ર અનુસાર પોતાનો બેઠક નંબર ફક્ત નિયત જગ્યા સામે જ છેકછાક કર્યા સિવાય અંગ્રેજી અક્ષરોમાં અંકો અને શબ્દો બન્નેમાં લખવો. દાખલા તરીકે જો વિદ્યાર્થીનો નંબર C-2459128 હોય તો બેઠક નંબરના ખાનામાં વિદ્યાર્થીએ નીચે મુજબ અંકો અને શબ્દોમાં લખવું જોઈએ.

| બેઠક નંબર Seat No. | C | 2 | 4 | 5 | 9 | 1 | 2 | 8 |
|---|---|---|---|---|---|---|---|---|
| બેઠક નંબર (શબ્દોમાં) | C – TWO FOUR FIVE NINE ONE TWO EIGHT | | | | | | | |

**આ પ્રમાણે દરેક વિદ્યાર્થીએ પોતાનો બેઠક નંબર અંકો અને શબ્દોમાં લખવો.**

3. **પરીક્ષાર્થી જવાબવહી/પુરવણીના કોઈ પણ પાના પર પોતાની ઓળખ પ્રગટ થઈ શકે તેવા નંબર કે નિશાન (દેવી/દેવતાઓનાં નામ કે કોઈ પણ ધાર્મિક ચિન્હો સહિત) કે લખાણ કરવું નહીં.**
4. પરીક્ષાર્થીએ વર્ગખંડમાં હાજર/ગેરહાજર રિપોર્ટ પત્રક ૦1માં ખાના નં. 1 છાપેલ પોતાના બેઠક નંબર સામે ખાના નં. 2 માં છાપેલ જવબવહી નંબરની ચકાસણી, બારકોડ સ્ટિકર પરના બેઠક નંબર તથા જવાબવહી નંબર સાથે ચેક કર્યા પછી હસ્તાક્ષર કરવા.
5. પરીક્ષાનો સમય પૂર્ણ થવાના દસ મિનિટ અગાઉ મુખ્ય જવાબવહી તથા પુરવણી ઉપર ખાખી સ્ટીકર નિયત જગ્યાએ ચોંટાડવાનું રહેશે.
6. **જવાબવહી કે પુરવણીના કોઈ પણ ભાગમાં લખાણ કરતી વખતે વાદળી/ભૂરા રંગની શાહી/બોલપેન સિવાય અન્ય કોઈ રંગની બોલપેન/શાહીનો ઉપયોગ કરવો નહીં. જવાબના મથાળા/પેટા મથાળાની નીચે લીટી દોરવા માટે અન્ય કોઈ પણ રંગની શાહીનો ઉપયોગ કરવો નહીં.**
7. 'પ્રત્યેક પાનાની બંને બાજુએ લખવું. વિભાગવાર પ્રશ્નોના ઉત્તરો લખવા. વિભાગ બદલાય એટલે ઉત્તરો નવા પાના પરથી શરૂ કરવા. વિભાગવાર પ્રશ્નોના પ્રશ્નક્રમાંક જે તે હાંસિયામાં લખવા. વિભાગ બદલાય પછી પ્રશ્નક્રમાંક સળંગ ક્રમાંકમાં જ લખવાનાં રહેશે. વિભાગ બદલાય ત્યારે વચ્ચે કોરું પાનું છોડવું નહીં,' જે પ્રશ્નપત્રમાં વિભાગ ન હોય તે પ્રશ્નપત્રના પ્રશ્નો/પેટાપ્રશ્નો સળંગ લખવાના રહેશે પરંતુ નવો પ્રશ્ન નવા પાનાથી શરૂ કરવો અને બે પ્રશ્નો

વચ્ચે કોરું પાનું છોડવું નહીં. પેપર પૂરું થયા પછી બાકી રહેલા કોરા પાના પર ઊભી લીટી દોરવાની રહેશે.

8. ઉપરોક્ત વિગતોની અપૂર્તતા માટે પરીક્ષાર્થી તથા ખંડ–નિરીક્ષક બંને જવાબદાર રહેશે.
9. પરીક્ષાર્થીએ જો પુરવણીનો ઉપયોગ કરેલ હોય તો બોર્ડ દ્વારા આપવામાં આવેલ સફેદ મીણના દોરાનો જ પુરવણી બાંધવા ઉપયોગ કરવાનો રહેશે. અન્ય કોઈ દોરાનો ઉપયોગ પુરવણી બાંધવા થયેલ હશે તો તે બાબતને ગેરરીતિ ગણી કાર્યવાહી કરવામાં આવશે.

(ડી.એસ.પટેલ)
સંયુક્ત નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર